# Gujarat Public Service Commission
## PROVISIONAL RESULT
### List of Eligible Candidates for Application Scrutiny
### Advertisement No.143/2019-20

1. ગુજરાત ખનિજ વિકાસ નિગમ **(GMDC)** હસ્તકની **પ્રોગ્રામર(સહાયક),વર્ગ-૩ ની** જગ્યાએ ભરતી કરવા માટે **જાહેરાત ક્રમાંક: 143/2019-20ના** સંદર્ભમાં આયોગ દ્વારા **તા.10.01.2021ના** રોજ યોજાયેલ પ્રાથમિક કસોટીના આધારે આયોગે અરજી ચકાસણીની પાત્રતા માટે નક્કી કરેલ લાયકી ધોરણ (જે તે કેટેગરીમાં મેરીટ યાદી મુજબ ઉતરતા ક્રમમાં જરૂરી સંખ્યા અનુસારના છેલ્લા ઉમેદવાર ના ગુણ) મુજબ નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબના ઉમેદવારોને અરજી ચકાસણીને પાત્ર સફળ જાહેર કરવાના થાય છે અને આ યાદી સફળ ઉમેદવારોની આખરી યાદી પહેલાના તબક્કાની કાર્યવાહીના ભાગ રૂપે છે. પ્રસ્તુત યાદી એ મેરીટ લીસ્ટ નથી. પરંતુ ,માત્ર અને માત્ર જે ઉમેદવારો પાસેથી પ્રમાણપત્રોની ચકાસણી માટે અરજીઓ મંગાવવાની થાય છે તે 'Zone of Consideration' અંતર્ગતની યાદી છે.

**અરજી ચકાસણી પાત્ર ઉમેદવારોએ** https://gpsc-iass.gujarat.gov.in પર પોતાના દસ્તાવેજ ઓનલાઇન અપલોડ કરી રજુ કરવાના રહેશે. (પરિણામના અંતે દર્શાવેલ **ખાસ સૂચના ધ્યાને લેવી.)**

*કોષ્ટક-૧*

| કેટેગરી | જગ્યાની સંખ્યા | માપદંડ મુજબ અરજી ચકાસણી માટે જરૂરી સંખ્યા | ખરેખર પાત્ર થતા ઉમેદવારોની સંખ્યા |
|---|---|---|---|
| **બિન-અનામત (કોમન)** | 03 | 10 | 10 |
| **બિન-અનામત (મહિલા)** | 01 | 06 | 06 |
| **સા.શૈ.પ. વર્ગ (કોમન)** | 02 | 08 | 08 |
| **અનુ. જન જાતિ(કોમન)** | 01 | 06 | 06 |
| **કુલ** | **07** | **30** | **30** |

**2. અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોના બેઠક ક્રમાંક નીચે મુજબ છે.**

| | | | | |
|---|---|---|---|---|
| **101000203** | **101000217** | **101000260** | **101000488** | **101000539** |
| **101000562** | **101000609** | **101000622** | **101000851** | **101000937** |
| **101001015** | **101001054** | **101001352** | **101001454** | **101001471** |
| **101001480** | **101001565** | **101001722** | **101001763** | **101001794** |
| **101001905** | **101001946** | **101002147** | **101002206** | **101002342** |
| **101002360** | **101002375** | **101002609** | **101002789** | **101002809** |
| **TOTAL=30** | | | | |

**3. નોંધ:**

(1) આયોગના તા:-૦૯/૦૫/૧૭ના કચેરી હુકમ ક્ર.નવન-૧૦૯૫-૨૦૬-ભાગ-૬-આર &ડી ની જોગવાઇ મુજબ રદ કરાયેલ પ્રશ્નોના ગુણ પ્રો-રેટા મુજબ ફાળવી ગુણ પધ્ધતિ અપનાવવાની રહે છે.

(i) તદનુસાર સદરહુ કસોટીમાં **પ્રશ્નપત્ર-૧** માં **04** પ્રશ્ન રદ કરવામાં આવેલ હોવાથી પ્રત્યેક સાચા જવાબના કિસ્સામાં **1.020** ગુણ પ્રદાન અને પ્રત્યેક ખોટા જવાબના કિસ્સામાં **0.306** ગુણ કપાત પ્રમાણે તથા

(ii) **પ્રશ્નપત્ર-૨** માં **01** પ્રશ્ન રદ કરવામાં આવેલ હોવાથી પ્રત્યેક સાચા જવાબના કિસ્સામાં **1.005** ગુણ પ્રદાન અને પ્રત્યેક ખોટા જવાબના કિસ્સામાં **0.302** ગુણ કપાત પ્રમાણે જવાબવહીનું મૂલ્યાંક્ન કરવામા આવ્યુ છે.

(2) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક : સીઆરઆર-૧૦૨૦૧૩-૨૪૨૭૯૨- ગ.૨ તા:૨૧.૦૨.૨૦૧૪ ની જોગવાઇ મુજબ રમતગમત અંગેની નિયત જોગવાઇઓ પરિપૂર્ણ કરતા ઉમેદવારોને લેખિત કસોટીમાં મેળવેલ ગુણના ૫% ગુણ, બોનસ ગુણ તરીકે ઉમેરવાના રહે છે. તદનુસાર, અરજીમાં રમતગમતની લાયકાત દર્શાવેલ ઉમેદવારોને બોનસ ગુણ પ્રદાન કરવામાં આવેલ છે.

(3) આયોગના તા:-૦૭.૦૧.૨૦૨૧ના કચેરી હુકમની જોગવાઇ મુજબ, વિવિધ બોર્ડ, કોર્પોરેશન તથા નિગમ માટે વર્ગ-૩ની જગ્યાઓ પર સીધી પસંદગીથી ભરતી માટે અરજી ચકાસણી માટે પાત્ર થવા માટેનું **લઘુત્તમ લાયકી ધોરણ ૧૫%** રાખવામાં આવેલ છે. તથા દરેક જગ્યાઓ સામે અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની સંખ્યા માટે માપદંડ નિયત કરવામાં આવેલ છે. તદનુસાર, કામચલાઉ પરિણામ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ઉપરોક્ત જણાવેલ નિયત માપદંડની વિગત નીચે મુજબ છે.

| **જગ્યાની સંખ્યા** | **અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારની સંખ્યા** | |
|---|---|---|
| | **અનુભવ વગર** | **અનુભવ વાળી** |
| **૧** | ૦૬ | ૦૮ |
| **૨** | ૦૮ | ૧૨ |
| **૩** | ૧૦ | ૧૪ |
| **૪ કે તેથી વધુ જગ્યા માટે** | જગ્યાની સંખ્યાના ત્રણ ગણા | જગ્યાની સંખ્યાના ચાર ગણા |

(4) જો આ ઉમેદવારોમાંથી આખરી પસંદગી માટે પાત્ર પુરતા ઉમેદવારો નહિ મળે તો મેરીટ યાદી મુજબ ક્રમાનુસાર લઘુત્તમ લાયકી ગુણ કરતાં વધુ ગુણ ધરાવતા ઉમેદવારો જો પ્રાપ્ત થતા હશે તો વધુ ઉમેદવારોને કામચલાઉ ધોરણે અરજી ચકાસણીને પાત્ર જાહેર કરવામાં આવશે. વધુમાં આ રીતે અરજી ચકાસણી માટે પાત્ર ગણવાના ઉમેદવારો પૈકી જે તે કેટેગરીમાં છેલ્લા ઉમેદવારના ગુણ જેટલા જ સરખા ગુણ ત્યારપછીના જે કોઇ ઉમેદવારના હશે તેમને પણ અરજી ચકાસણી માટે પાત્ર ગણવામાં આવશે. આ પ્રમાણે થશે તો અરજી ચકાસણી માટે પાત્ર ઉમેદવારોની સંખ્યામાં વધારો થઇ શકશે.

**4.** અરજી ચકાસણીને પાત્ર ઠરેલ ઉમેદવારોએ આ જાહેરાતના અનુસંધાને "ઓન-લાઇન" કન્ફર્મ થયેલ અરજી પત્રક (ફોટોગ્રાફ સ્પષ્ટ ના હોય તો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ અરજીપત્રક પર લગાવવાનો રહેશે. સહી સ્પષ્ટ ના હોય તો ફરીથી અરજીપત્રકમાં સહી કરવાની રહેશે.) અને લાગુ પડતા જરૂરી દસ્તાવેજો/ પ્રમાણપત્રોની નકલ નીચેના ક્રમાનુસાર

(1) જન્મ તારીખના પુરાવા માટે એસ. એસ. સી. ક્રેડીટ પ્રમાણપત્રની નકલ (જન્મ તારીખના પુરાવા માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહીં)

(2) નામ / અટકમાં ફેરફાર કરાવેલ હોય તો સરકારી ગેઝેટની નકલ/ પરિણીત મહિલા ઉમેદવાર માટે લગ્ન નોંધણી પ્રમાણપત્રની નકલ

(3) અનામત વર્ગ (અનુ. જાતિ, અનુ.જનજાતિ, અને સા.શૈ.પ.વર્ગ)ના ઉમેદવારો માટે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ

(4) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ (જાહેરાતમાં દર્શાવ્યા મુજબ નિયત સમયગાળાનું ગુજરાતી નમુના મુજબનું પરિશિષ્ટ-ક અરજીપત્રકમાં દર્શાવેલ નંબર અને તારીખનું જ) રજૂ કરવાનું રહેશે. પરિશિષ્ટ-ક ના વિકલ્પે અન્ય કોઈ પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે નહિ. અંગ્રેજીમાં Annexure-A (જે કેન્દ્ર સરકારની ભરતી કે સંસ્થાઓ માટે છે) તે માન્ય રાખવામાં આવશે નહીં. પરણિત મહિલા ઉમેદવારોએ આવું પ્રમાણપત્ર તેઓની માતા-પિતાના આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં રજૂ કરેલ હશે તો તે માન્ય રાખવામાં આવશે નહીં.

(5) શારીરિક અશક્ત ઉમેદવારોના કિસ્સામાં સામાન્ય વહીવટ વિભાગના તા:૦૧.૧૨.૨૦૦૮ ના પરિપત્ર મુજબનું નિયત નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ / સિવિલ સર્જન /મેડીકલ બોર્ડ દ્વારા આપેલ પ્રમાણપત્ર

(6) માજી સૈનિક ઉમેદવારોના કિસ્સામાં ડિસ્ચાર્જ બુકની નકલ

(7) પરિણીત મહિલાઓના કિસ્સામાં લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર/ અટક અથવા નામ બદલાવેલ હોય તો તે અંગેના જાહેરનામાની નકલ

(8) વિધવા મહિલા ઉમેદવારોના કિસ્સામાં પુન: લગ્ન ન કર્યા અંગેના સોગંદનામાની નકલ

(9) વર્ગ-૩ ની જાહેરાત માટે રમતગમતના પ્રમાણપત્ર (જાહેરાતમાં દર્શાવેલ હોય તે નમૂનામાં)

(10) સ્નાતક (બધાં જ વર્ષ/ સેમેસ્ટરના ગુણપત્રક )

(11) સ્નાતક પદવી પ્રમાણપત્ર

(12) અનુસ્નાતક (બધાં જ વર્ષ/ સેમેસ્ટરના ગુણપત્રક ) (જો જાહેરાતની જોગવાઇ મુજબ જરૂરી હોય તો)

(13) અનુસ્નાતક પદવી પ્રમાણપત્ર (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(14) વિદેશની યુનિવર્સિટી માંથી પદવી મેળવેલ હોય તો તેની માન્યતા અંગેના પુરાવાની નકલ

(15) જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો / પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(16) બિનઅનામત ઉમેદવારોએ ભરેલ ફી ની ઝેરોક્ષ નકલ

(17) જાહેરાતની જોગવાઈ અનુસંધાનમાં લાગુ પડતા અન્ય આધાર પુરાવા/પ્રમાણપત્રો

**પૈકી આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in પર જાહેરાત ક્રમાંક: 143/2019-20 હેઠળ હવે પછી દર્શાવવામાં આવનાર યાદી મુજબના લાગુ પડતા તમામ જરૂરી દસ્તાવેજો/ પ્રમાણપત્રો / આધાર પુરાવા ની નક્લ યોગ્ય રીતે કાળજીપૂર્વક તા:૨૬/૦૫/૨૦૨૧થી તા:૦૪/૦૬/૨૦૨૧ દરમ્યાન અચૂક ઓનલાઇન અપલોડ કરવાના રહેશે.**

**ખાસ સૂચના :-**

અરજી ચકાસણીને પાત્ર ઠરેલ ઉમેદવારોએ પોતાની અરજી સાથે જરૂરી પ્રમાણપત્રો/ દસ્તાવેજ ઓનલાઇન પધ્ધતિથી જ અપલોડ કરીને રજુ કરવાના રહેતા હોવાથી રૂબરૂ અથવા પોસ્ટ દ્વારા સ્વીકારવાપાત્ર બનતા નથી, આથી ઓનલાઇન પધ્ધતિ સિવાય અરજી મોકલનાર ઉમેદવારો અરજી ચકાસણી માટે આપોઆપ અપાત્ર બનશે.

ઉમેદવારે ભરતી પ્રક્રિયા અંતર્ગત પોતાની ઉમેદવારી સંદર્ભે આગળના તબક્કાની કાર્યવાહી માટે ઓનલાઇન પધ્ધતિ અનુસરીને તકેદારી અવશ્ય દાખવવાની રહેશે.

**સ્થળ: ગાંધીનગર-382010**
**તારીખ: ૧૯.૦૫.૨૦૨૧**

સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ